એનાટોમી વિભાગ
સરકારી તબીબી મહાવિદ્યાલય,
મજુરાગેટ, સુરત.
તા.

# <u>દેહદાન અંગેની જરૂરી માહિતી</u>

માનનીય

તમારા તારીખ : / /૨૦ ના પત્રના/રૂબરૂ મુલાકાતના અનુસંધાનમાં જણાવવાનું કે, ડેડબોડી ડોનેશન આપનાર વ્યક્તિના મૃત્યુ પછી............

૧. સૌથી નજીકના સગા પતિ/પત્ની/મા/બાપ/બહેન/પુત્ર/પુત્રી/પૌત્ર/પૌત્રી તરફથી આ વિભાગને મૃતદેહદાન (ડેડબોડી ડોનેશન) આપવા માટેની લેખીત અરજી કરવી. આ અરજીમાં બે સાક્ષીની સહી પણ કરાવવી.

૨. કુદરતી મૃત્યુ થયા અંગેનું મેડીકલ સર્ટિફિકેટ લાવવું. મેડીકલ સર્ટિફિકેટમાં મરનાર વ્યક્તિની ઉંમર, મૃત્યુનું કારણ, મૃત્યુની તારીખ/સમય, વ્યક્તિની ઓળખ વિગેરે દર્શાવવું જોઇએ. મેડીકલ સર્ટિફિકેટ (Reg. No. Of Doctor is must) ડોક્ટરના લેટર પેડ ઉપર સહી સિક્કા સહિતનું જરૂરી છે.

૩. સુરત બહારથી ડેડબોડી લાવવાની હોય તો લાગુ પડતા પોલીસ સ્ટેશનનું (નો ઓબ્જેકશન સર્ટિફિકેટ) ના વાંધા પ્રમાણપત્ર સાથે રાખવું. જેથી બોડી પહોંચાડવામાં રસ્તે કોઇ તકલીફ ન પડે.

૪. મેડીકલ કોલેજમાં બોડી મૃત્યુ થયા પછી વહેલી તકે લાવવી જોઇએ શક્ય હોય તો એનાટોમી વિભાગના ડૉ. મીનાક્ષી મોદી (૯૭૨૭૦૮૬૮૦૬) નો ફોન દ્વારા સંપર્ક કરી જાણ કરવી જેથી ડેડબોડી જાળવણી કરવા અંગેની તૈયારી કરી શકાય.

૫. એનાટોમી વિભાગ, ગર્વમેન્ટ મેડીકલ કોલેજ સુરતનો સમય સવારે ૯-૦૦ થી સાંજે ૫-૦૦ ( રિસેસ સમય બપોરે ૧-૦૦ થી બપોરે ૨-૦૦ કલાક) સુધીનો છે. શનિવારે સવારે ૯-૦૦ થી બપોરે ૧-૦૦ સુધી છે.

૬. સાંજે અથવા રાત્રે મૃત્યુ થાય તો સવારે ૯-૦૦ સુધી બોડી લાવી શકાય. સવારમાં અથવા બપોરે મૃત્યુ થાય તો સાંજે ૫-૦૦ સુધી બોડી લાવી શકાય. શનિવારે બપોરે ૧-૦૦ સુધી બોડી લાવી શકાય.

૭. શનિવારે બપોર પછી અથવા રવિવારે અથવા રજાના દિવસે બોડી પહોંચાડવાની હોય તો નીચે જણાવેલ સરનામા ઉપર રૂબરૂ અથવા ફોન દ્વારા સંપર્ક સાધી બોડી લાવવા અંગેની જાણ કરવી.

૮. જો મૃત બોડી લાવવામાં મોડું થાય તો તરત જ કોલ્ડ સ્ટોરેજમાં રાખવું અન્યથા મૃત બોડી સ્વીકાર કરવામાં આવશે નહી.

૯. જે બોડી અત્રે એનાટોમી વિભાગમાં દાન માટે લાવવામાં આવે તે બોડીનું મૃત્યુના એક અઠવાડીયાના સમયગાળામાં કોઇ ઓપરેશન થયેલ હોય તો તે ડેડબોડીનો સ્વીકાર કરવામાં આવશે નહી.

૧૦. અત્રેના વિભગ તરફથી દેહદાન મળ્યા અંગેનું પ્રમાણપત્ર નજીકના સગાને આપવામાં આવશે.

૧૧. મરનારના મૃત્યુ થયાની નોંધ મ્યુનીસિપલ કોર્પોરેશનમાં સગા તરફથી જાતે કરવા વિનંતી છે.

**<u>નીચે જણાવ્યા પ્રમાણેની ડેડબોડી સ્વીકારી શકશે નહી.</u>**

૧. મૃત્યુ થયાના ૪ કલાક પછીની ડેડબોડી અને કોલ્ડ સ્ટોરેજમાં રાખેલ ન હોય તો

૨. પોસ્ટમોર્ટમ, એક્સીડન્ટ, ઓપરેશન કરેલી ડેડબોડી

૩. વધારે વજનવાળી (ફેટી) ડેડબોડી

૪. દુર્ગંધ મારતી ડેડબોડી

૫. ચેપી રોગ અથવા એઇડ્સ રોગવાળી ડેડબોડી

૬. મૃત્યુ થયા પછી કીડની (ગુડદા) દાન કરેલ ડેડબોડી

૭. શંકાસ્પદ મૃત્યુવાળી ડેડબાડી

૮. કુદરતી મૃત્યુ થયા અંગેની મેડીકલ સર્ટિફિકેટ વગરની ડેડબોડી

૯. કૌટુંબિક વિવાદાસ્પદવાળી ડેડબોડી

૧૦. ડૉક્ટરે એન્ટીકોએગ્યુલેન્ટ આપેલ ડેડબોડી

૧૧. ટી. બી., કેન્સરથી મૃત્યુ પામેલ વ્યક્તિ

૧૨. દેહદાન માટેની ડેડબોડીનું આપને ત્યાં ડૉક્ટર દ્વારા નીરિક્ષણ કર્યા પછી સ્વીકારવું કે ન સ્વીકારવું તે નક્કી કરવામાં આવશે. અંતિમ નિર્ણય વિભાગનો રહેશે.

૧૩. જો તમે દેહદાન કરવા ઇચ્છો છો તો ચક્ષુદાન ન કરો તો સારુ હશે.

પ્રાધ્યાપક અને વડાશ્રી,
એનાટોમી વિભાગ
સરકારી તબીબી મહાવિદ્યાલય
સુરત.

**સંપર્ક માટે:**

**<u>પ્રાધ્યાપક અને વડાશ્રી એનાટોમી</u>**

ડૉ. મીનાક્ષી મોદી- ૯૭૨૭૦૮૬૮૦૬

**<u>સહ પ્રાધ્યાપક એનાટોમી</u>**

ડૉ. ભારતી ઉમરવંશી- ૯૮૭૯૧૨૧૫૪૨
ડૉ. વિપુલ પટેલ- ૯૪૨૭૧૧૧૬૭૫
ડૉ. ડી.એસ. પાટીલ- ૭૮૭૪૩૮૨૮૪૭
ડૉ. ભદ્રેશ પ્રજાપતિ- ૯૨૨૮૨૩૩૪૧૪

# <u>સંકલ્પ પત્ર</u>

નામ:____________________________________

સરનામું:_________________________________

પિન કોડ:________________________________

ફોન નં:__________________________________

તારીખ:   /   /૨૦

અહી ફોટો ચોંટાડવો.

પ્રતિ,

પ્રાધ્યાપક અને વડા

એનાટોમી વિભાગ

મેડીકલ કોલેજ

સુરત-૩૯૫૦૦૧

<u>વિષય:- દેહદાન</u>

માનનીય,

હું નામે _______________________________________________________ ઉંમર વર્ષ______ આથી પ્રતિજ્ઞા પુર્વક જાહેર કરૂં છું કે મૃત્યુ પ્રશ્યાત મારા દેહને શૈક્ષણિક હેતુસર મેડીકલ કોલેજના એનાટોમી વિભાગને સોંપવો. આ સાથે મારા વારસદારના નામ અને તેમને આપેલ સંમતિ સૂચક સહીઓ સામેલ છે. તેઓ એનાટોમી વિભાગને મૃત્યુબાદ સત્વરે માહિતગાર કરશે.

સહી_________________________________

(૧) નીકટના સ્વજનોનું નામ:__________________________________________________

ઉંમર:__________________________________________________

સરનામું:__________________________________________________

__________________________________________________

સહી:__________________________________________________

(૨) નીકટના સ્વજનોનું નામ:__________________________________________________

ઉંમર:__________________________________________________

સરનામું:__________________________________________________

__________________________________________________

સહી:__________________________________________________

---

**એનાટોમી વિભાગનો નોંધણી નં :-** **તારીખ :-   /   /૨૦**

**નામ :-**